# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### નવનિયુક્ત ટ્રસ્ટી અને સેવક પૂજારીઓ વચ્ચેની બેઠક બાદ લેવાયો મહત્વનો નિર્ણય

# ડાકોર મંદિરમાં મનોરથોનો ભાવવધારો મોકૂફ

**ગિરીશ દાણીએ** આ મામલે ડાકોર નગરપાલિકાની કામગીરી પર પણ સવાલો ઉઠાવ્યા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.15

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર મંદિરમાં મનોરથોના ભાવમાં કરવામાં આવેલો તોતિંગ વધારો હાલ પૂરતો મોકૂફ રાખવામાં આવ્યો છે. ટેમ્પલ કમિટી દ્વારા ભાવમાં ચાર ગણો વધારો કરવામાં આવતા ભક્તો અને સેવક પૂજારીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ વિવાદને થાળે પાડવા માટે આજે નવનિયુક્ત ટ્રસ્ટી અને સેવકો વચ્ચે એક બેઠક યોજાઈ હતી, જેમાં આગામી બે મહિના સુધી જૂના ભાવ જ અમલી રાખવાનો નિર્ણય લેવાયો છે.

ડાકોર ટેમ્પલ કમિટી દ્વારા તાજેતરમાં વિવિધ મનોરથો અને સેવા પૂજાના દરમાં મોટો વધારો ઝીંકવામાં આવ્યો હતો. આ નિર્ણય સામે સ્થાનિક સેવક પૂજારીઓ અને દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. વિરોધના વંટોળ વચ્ચે ટેમ્પલ કમિટીના નવનિયુક્ત ટ્રસ્ટી ગિરીશ દાણીએ સેવક પૂજારીઓ સાથે રૂબરૂ ચર્ચા કરી હતી. આ બેઠક બાદ તેમણે મીડિયાને જણાવ્યું હતું કે મનોરથોના ભાવ વધારાને હાલ બે મહિના માટે સ્થગિત કરવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન ધજાનો જે લાગો 610 રૂપિયા છે તે જ યથાવત રહેશે.

ગિરીશ દાણીએ આ મામલે



ડાકોર નગરપાલિકાની કામગીરી પર પણ સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ડાકોરના રોડ રસ્તાની હાલત અત્યંત ખરાબ છે અને અન્ય પ્રસિદ્ધ યાત્રાધામો જેવા કે દ્વારકા, સોમનાથ કે પાવાગઢની સરખામણીએ ડાકોર ઘણું પાછળ રહી ગયું છે. નગરપાલિકા દ્વારા પૂરતી સફાઈ કે વિકાસના કામો કરવામાં આવતા નથી. જો નગરપાલિકા કામ ન કરતી હોય તો તે જવાબદારી પણ ઉપાડીને ડાકોરને સ્વચ્છ બનાવવાની જરૂર છે જેથી ભક્તોને સુવિધા રહે. આ ભાવ વધારો ડાકોરના વિકાસ અને ભક્તોના હિત માટે જ વિચારવામાં આવ્યો હતો.

વધુમાં ટ્રસ્ટીએ ઉમેર્યું હતું કે તેઓ સરકારમાં પણ આ બાબતે રજૂઆત કરશે કારણ કે ડાકોરને સ્વચ્છ રાખવું એ સરકારની પણ જવાબદારી છે. આગામી બે મહિનામાં ફરીથી બેઠક યોજવામાં આવશે અને તેમાં ભાવ વધારા અંગે જે કંઈ પણ યોગ્ય લાગશે તે નિર્ણય લેવામાં આવશે. ત્યાં સુધી જૂના ભાવ જ અમલી રહેશે. જોકે ટેમ્પલ કમિટીના આ તર્ક સામે સેવક પૂજારીઓએ પોતાનો અસંતોષ વ્યક્ત કરવાનું ચાલુ રાખ્યું છે.

સેવક પૂજારી જગદીશ સેવકે મીડિયા સમક્ષ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે નવા નિમાયેલા ટ્રસ્ટીને વાસ્તવિક પરિસ્થિતિની પૂરી જાણકારી નથી. ટ્રસ્ટીએ અત્યારે બે મહિનાનો સમય માંગ્યો છે, તેથી આ સમયગાળા દરમિયાન સેવક પૂજારીઓ દ્વારા પોતાના સૂચનો લેખિતમાં રજૂ કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ ચીમકી આપી હતી કે જો બે મહિના બાદ પણ મનોરથોના ભાવમાં કોઈ વધારો લાદવામાં આવશે તો તમામ સેવક પૂજારીઓ ભૂખ હડતાલ પર બેસતા પણ અચકાશે નહીં.

આમ, ડાકોર મંદિરમાં છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા ભાવ વધારાના વિવાદમાં હાલ પૂરતો વિરામ આવ્યો છે. ટેમ્પલ કમિટી વિકાસના નામે ભાવ વધારાને યોગ્ય ઠેરવી રહી છે, જ્યારે બીજી તરફ પૂજારીઓ અને ભક્તો આ વધારાને ગેરવ્યાજબી ગણાવી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે બે મહિના બાદ ટેમ્પલ કમિટી શું મધ્યમ માર્ગ કાઢે છે અથવા તો ફરીથી વિવાદ વકરે છે. અત્યારે તો ભક્તો માટે રાહતના સમાચાર એ છે કે તેમણે વધારાનો ચાર્જ ચૂકવવો પડશે નહીં.

# ચરોતર: શનૈશ્વર જયંતીની ઉજવણીનો ઉત્સાહ છવાયો

**ચરોતરના શનિ** મંદિરોમાં તમામ તૈયારીઓ પૂર્ણ, શનિવારી અમાસ અને શનિ જયંતીનો સમન્વયથી ભક્તોમાં અનેરો આનંદ

(પ્રતિનિધિ) આણંદ તા.15

આણંદ અને ખેડા જિલ્લામાં વિવિધ શહેરોમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા શનિ મંદિરોમાં 16મી મેને શનિવારે શનેશ્વર જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. શનૈશ્વર દેવની જન્મજયંતિની ઉજવણીને લઈને છેલ્લા એક સપ્તાહથી તડામાર તૈયારીઓ શરૂ કરાઈ છે. ભગવાન શનિદેવની જન્મજયંતિએ મંદિરોમાં રોશની અને ફુલોથી સુશોભીત શણગાર કરવામાં આવશે. ભક્તો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહી વિવિધ મંદિરોમાં યોજાનાર મહાયજ્ઞો, પુંજા-પાઠ, આરતીનો લાભ લેશે. તેમજ આ વખતે શનૈશ્વર જયંતિની ઉજવણીમાં શનિવારનો સમન્વય થયો છે. જોગાનુજોગ શનિ અમાસ અને શનિ જયંતિનો શનિવારે વિશેષ મહત્વ હોય ભક્તો શનિદેવની આરાધના અને ઉપાસનાનો લાભ લેશે. શનીદેવ મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ જોવા મળશે.

શનૈશ્વર મંદિર ખાતે શનિવારે શનૈશ્વર જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. મહોત્સવને લઈને અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયુ છે. શનૈશ્વર જયંતિના દિવસે સવારે 4.30 કલાકે બ્રહ્મ મુર્હુતમાં આરતી, સવારે 5 કલાકે તૈલાભિષેક, સવારે 9 કલાકે શ્રી શનૈશ્વર મહાયજ્ઞનો પ્રારંભ શરૂ થશે. જે મહાયજ્ઞ સાંજે 5.30 કલાકે મહાયજ્ઞની પુર્ણાહુતી કરાશે.

# આણંદ જિલ્લામાં હિટવેવથી લોકો ત્રસ્ત

**શહેર તેમજ** ગ્રામ્ય વિસ્તારમાં જાહેરમાર્ગો બપોરથી સાંજ સુધી સુમસામ જોવા મળ્યા

(પ્રતિનિધિ) આણંદ તા 15

આણંદ જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા હિટવેવની આગાહી સાથે યલો એલર્ટ પણ આપવામાં આવ્યુ છે.ત્યારે આણંદ જિલ્લામાં તેની અસર જોવા મળી હતી.જિલ્લામાં સવારથી આગ ઓકતી ગરમી વરસી હતી.જેને લઈ બપોરના સમયે હિટવેવનો અનુભવ રહીશોએ કર્યો હતો. સવારથી ગરમ પવન ફૂંકાતા રહીશો ઘરમાં પુરાવા મજબુર બન્યા હતા.બપોરના સમયે અનુભવાયેલ હિટવેવ પગલે જાહેર માર્ગો પણ સુમસામ ભાસ્યા હતા.ત્યારે હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ આગામી 48 કલાક દરમિયાન હજુ પણ તાપમાનમાં 2થી 3 ડીગ્રીનો વધારો જોવા મળી શકે છે.

શુક્રવારે જિલ્લામાં સવારથી સાંજ સુધી આકરી ગરમી પડી હતી.તો ગરમ લુ વાતા પવન ફૂંકાયા હતા.તેને કારણે શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જાહેરમાર્ગો સવારથી સાંજ સુધી સુમસામ જોવા મળ્યા હતા.આગ ઓકતી ગરમી પડવા સાથે આણંદ જિલ્લામાં દિવસ દરમિયાન ઉકળાટ પણ અનુભવાયો હતો.ત્યારે મહત્તમ તાપમાનનો પારો 43.5 ડિગ્રી જ્યારે લઘુત્તમ તાપમાનનો પારો 26.5 ડિગ્રી નોંધાયો હતો.ત્યારે હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ આગામી બે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં હજુપણ 2 થી 3 ડિગ્રીનો વધારો જોવા મળી શકે છે. તેને લઈ હજુ પણ ગરમીનો જિલ્લાના રહીશોને સામનો કરવો પડી શકે છે.

# નડિયાદ મનપાના 68 વાહનોના કાફલાએ ટૂંકા ગાળામાં 92.50 લાખના બળતણનો ધુમાડો કર્યો

**સૌથી વધુ 91.13** લાખ રૂપિયાનું ડીઝલ વપરાયું, આગામી સમયમાં નવા પદાધિકારીઓની ગાડીઓ ઉમેરાતા ખર્ચનો ગ્રાફ વધુ ઊંચો જવાની સંભાવના

(પ્રતિનિધિ) નડિયાદ, તા.15

નડિયાદ મહાનગરપાલિકાના સત્તાવાળાઓ દ્વારા વહીવટી અને સફાઈ કામગીરીના વહન માટે ઉપયોગમાં લેવાતા સરકારી વાહનોના ઈંધણ પાછળ લાખો રૂપિયાનો ધુમાડો કરવામાં આવ્યો હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. જાન્યુઆરી 2025



માં નડિયાદને મહાપાલિકાનો દરજ્જો મળ્યા બાદ અત્યાર સુધીના સમયગાળા દરમિયાન વાહનોના કાફલા પાછળ કુલ 92.50 લાખ રૂપિયાનું પેટ્રોલ, ડીઝલ અને સીએનજી વપરાયું છે. ટૂંકા માસિક ગાળામાં બળતણ પાછળ થયેલો આ આંધણ ખર્ચ વહીવટી વર્તુળો સહિત સમગ્ર શહેરમાં ભારે ચર્ચા જગાવી રહ્યો છે.

મનપાના ગેરેજ વિભાગમાંથી પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર, તંત્ર પાસે ઉપલબ્ધ વાહનોમાં સૌથી વધુ વપરાશ ડીઝલનો નોંધાયો છે, જેમાં અત્યાર સુધીમાં 91,13,471 રૂપિયાનું ડીઝલ ફૂંકી દેવાયું છે, જ્યારે તેની સામે સીએનજી ગેસ પાછળ માત્ર 1,36,745 રૂપિયાનો સામાન્ય ખર્ચ થયો છે. મનપા હસ્તક હાલમાં કચરાના નિકાલ અને શહેરની સફાઈ વ્યવસ્થા માટે 35 ટ્રેક્ટર, 2 કોમ્પેક્ટ તેમજ 7 ગાર્બેજ કીપરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જ્યારે વિવિધ વિસ્તારોમાં ખોદકામ અને વિકાસકામો માટે 3 જેસીબી મશીનો સતત દોડી રહ્યા છે. આ જ રીતે ડ્રેનેજ સફાઈ માટે જેટિંગ મશીન, ગેલિએન્ટિયર, એમ્ટિયર અને ડિસિલ્ટિંગ મશીન સહિત કુલ 8 વાહનો દોડાવવામાં આવે છે, જે ઉપરાંત જરૂરિયાતને પહોંચી વળવા કોન્ટ્રાક્ટ પદ્ધતિથી અન્ય 2 જેટિંગ મશીનો પણ ભાડેથી ચલાવાઈ રહ્યા છે. વહીવટી મોરચે કમિશનર, ડેપ્યુટી કમિશનર અને ક્લાસ 1 ના ઉચ્ચ અધિકારીઓની કચેરી અને સાઈટ વિઝિટ માટે હાલ 5 સરકારી ગાડીઓ ફાળવવામાં આવેલી છે. આગામી દિવસોમાં જ્યારે સ્થાનિક સ્તરે મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનના નામોની જાહેરાત થશે ત્યારે તંત્ર દ્વારા વધુ ત્રણ નવી ગાડીઓની ખરીદી કરવાની પ્રક્રિયા હાથ ધરાશે, જેના કારણે આગામી સમયમાં વાહનોની સંખ્યા વધવાની સાથે બળતણનો આ ખર્ચ હજુ વધુ મોટો બને તેવી પૂરી સંભાવના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશભરમાં પર્યાવરણની જાળવણી અને કુદરતી સ્ત્રોતોના રક્ષણ માટે પેટ્રોલિયમ પેદાશોનો કરકસરપૂર્વક ઉપયોગ કરવાની અપીલ કરવામાં આવી રહી છે.

# અમીયાદ ગામની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

(પ્રતિનિધિ) આણંદ, તા.15

વિરસદ પોલીસે અમીયાદ ગામે થયેલી મોટી ઘરફોડ ચોરીનો ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી નાખ્યો છે. આશ્ચર્યજનક રીતે, આ ચોરી કરનાર બીજું કોઈ નહીં પણ ફરિયાદીના ફળિયામાં જ રહેતો શખ્સ હોવાનું બહાર આવ્યું છે.

ગત તા.09 મેના રોજ અમીયાદ ગામે બંધ મકાનની પાછળની બારી તોડી તસ્કરોએ તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.4,50,000ની મત્તાની ચોરી કરી હતી. આ ગુનાને ઉકેલવા ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી પોલીસે શંકાસ્પદ મયુરકુમાર રોહિત ( રહે. અમીયાદ) ની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી હતી. પોલીસની કડક પૂછપરછમાં મયુર ભાંગી પડ્યો હતો અને તેણે જ ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

# ઉમરેઠમાં તંત્ર ઘોર નિદ્રામાં રહેતાં પ્રજાજનોએ જાતે રસ્તાના ખાડા પૂર્યા

**પોલીસ સ્ટેશનથી** કોર્ટનો મુખ્ય માર્ગ લાંબા સમયથી બિસ્માર

પ્રતિનિધિ ઉમરેઠ તા 15

ઉમરેઠ નગરમાં પ્રવેશ લેવા માટેનો બસ સ્ટેન્ડથી વડા બજાર થઈને કોર્ટ સુધીનો મુખ્ય માર્ગ છેલ્લા કેટલાય મહિનાથી ખુબ જ બિસ્માર પરિસ્થિતિમાં ફેરવાઈ ગયેલ છે. માર્ગ પર મસમોટા અસંખ્ય ખાડાઓ છે .જેના કારણે કોઈ ને કોઈ વાહન ચાલક અકસ્માતનો ભોગ બનતા જ રહે છે. સ્થાનિક રહીશો દ્વારા અને મુખ્ય માર્ગનો ઉપયોગ કરનારા દ્વારા ઉમરેઠ નગરપાલિકા ખાતે રોડ દુરસ્ત કરાવવા અથવા નવો બનાવવા વારંવાર રજુઆતો કરવામાં આવેલ છે. વાહન ચાલકો અને નગરજનોને જાણે રોજેરોજ બિસ્માર માર્ગને કારણે



હાલાકી ભોગવવા તત્રે મજબુર કરી દીધા હોય તેવી પરિસ્થિતિ ઉભી થઇ ગયેલ છે.

ઉમરેઠના વડા બજારથી કોર્ટ સુધીના આ મુખ્ય માર્ગ પર દૈનિક હજારોની સંખ્યામાં નાના-મોટા વાહનોની અવરજવર થતી હોય છે અને આ રસ્તો શહેરનો મહત્વનો માર્ગ માનવામાં આવે છે. તેમ છતાં રસ્તાના સમારકામ બાબતે તંત્ર દ્વારા ઉદાસીનતા દાખવવાને કારણે સ્થાનિકોની ધીરજ હવે ખૂટી ગઈ અને પ્રજાએ જાતે જ રોડ પર ઉતરીને માર્ગનું સમારકામ શરુ કરી દીધું છે. પ્રજાજનો દ્વારા જાતે માર્ગ દુરસ્તી કરવામાં આવી છે.

ઉમરેઠ આજુબાજુના ઘણા બધા ગામોથી ખરીદી કરવા આવતા વાહનચાલકો તેમજ સરકારી દસ્તાવેજો અને નગરપાલિકાના કામકાજ માટે આવતા લોકોને પણ આ જ બિસ્માર રસ્તાનો ઉપયોગ ફરજીયાતપણે કરવો પડતો હતો. વધતી સમસ્યાઓ અને વારંવાર રજુઆતો છતાં નગરપાલિકા દ્વારા કામગીરી હાથ ધરવામાં ન આવતા અંતે જાગૃત નાગરિકોએ સ્વખર્ચે રોડ પર પડેલા ખાડા પૂરવાની કામગીરી શરૂ કરી હતી.

# નડિયાદ-તારાપુરમાં અકસ્માતે બેનાં મોત

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧૫

નડિયાદ ખા ડમાં રહેતા લાલાભાઈ કિશનભાઈ તળપદા શાકભાજીની ફેરીનો ધંધો કરે છે આજે બપોરે તેઓ શાકભાજીની ફેરી કરી ઘરે આવ્યા હતા ત્યારે ભૂખ લાગી હોય તેમના પિતા કિશનભાઈ તળપદાને નાસ્તો લેવા મોકલ્યા હતા. કિશનભાઈ નાસ્તો લઈ પરત આવવા રોડ ક્રોસ કરતા હતા. આ દરમિયાન ટ્રકની ટક્કર લાગતા આગળના ભાગે આવી જતા કિશનભાઈ ઉર્ફે લક્ષ્મણભાઈ વાઘજીભાઈ તળપદા ઉંમર વર્ષ ૫૫ ને બંને પગે ગંભીર ઈજા થઈ હતી. જેથી તેમને તુરંત જ સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે કિશનભાઈ તળપદાને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ બનાવ અંગે લાલાભાઈ કિશનભાઈ તળપદાની ફરિયાદ આધારે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

તારાપુરના કનેવાલ તળાવ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક બેફામ ગતિએ આવતા ડમ્ફરે રોડ પર ઉભેલા ટ્રેક્ટરને પાછળથી ટક્કર મારતા ટ્રેક્ટર પર બેઠેલા એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

ઘટનાની વિગત એવી છે કે, દિવેલ ગામના કિરિટકુમાર મંગળભાઈ પરમાર પોતાનું જેસીબી મશીન લઈને કનેવાલ તળાવ પાસે માટીકામ માટે ગયા હતા. આ દરમિયાન સવારે ૧૧:૦૦ વાગ્યાના સુમારે એક ડમ્ફરના ચાલકે ગફલતભરી રીતે પોતાનું વાહન હંકારી લાવી રોડ પર ઉભેલા ટ્રેક્ટરને જોરદાર ટક્કર મારી હતી.

# વિરપુરમાં પેટ્રોલ પંપ પર ગરમીમાં કલાકો સુધી વાહનચાલકો ત્રાહિમામ

**લાપરવાહીને** કારણે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો

(પ્રતિનિધિ) વિરપુર તા.15

વિરપુર પંથકમાં છેલ્લા બે દિવસથી પેટ્રોલ, ડીઝલ અને CNGના સ્ટોક ખૂટી પડતા સામાન્ય જનતા ભારે હાલાકી ભોગવી રહી છે. ગુરુવારની મોડી રાત્રે કેટલાક પેટ્રોલ પંપો પર ઈંધણ પહોંચતા શુક્રવાર સવારથી જ વાહનચાલકોની લાંબી કતારો લાગી ગઈ છે. ભીડ બેકાબૂ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે.

પરંતુ આવી વિકટ સ્થિતિ વચ્ચે વિરપુરના વરધરા વિસ્તારમાં આવેલ પેટ્રોલ પંપ સંચાલકોની બેદરકારી ખુલ્લેઆમ સામે આવી છે. વાહનચાલકો કલાકો સુધી કાળઝાળ ગરમીમાં ઊભા



રહેવા મજબૂર બન્યા છે, છતાં વાહનચાલકો માટે શેડ, છાંયો કે પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ પણ પેટ્રોલ પંપ પર ઉપલબ્ધ નહોતી. મહિલાઓ, વૃદ્ધો અને બાળકો તાપમાં ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. આવી લાપરવાહીને કારણે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. લોકોનો આક્ષેપ છે કે વર્ષોથી આ પેટ્રોલ પંપ પર નિયમોની ખુલ્લેઆમ ધજાગરા ઉડાવવામાં આવી રહ્યા છે, છતાં પુરવઠા વિભાગ અને જવાબદાર તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. "જનતાની સુરક્ષા અને સુવિધા કરતાં નફાખોરી વધુ મહત્વની બની ગઈ છે?" એવો સવાલ લોકો ઉઠાવી રહ્યા છે. વાહનચાલકોમાં માંગ ઉઠી છે કે તાત્કાલિક તપાસ કરી નિયમભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

# નડિયાદના કમળાનું તળાવ નવું આકર્ષક પિકનિક પોઈન્ટ બનશે

**વોક-વે, ડેકોરેટિવ** લાઈટિંગ અને પ્લે-એરિયા જેવી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ કરાશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.12

નડિયાદ મહાનગરપાલિકામાં નવા ભળેલા કમળા વિસ્તારના મુખ્ય તળાવના નવીનીકરણ અને બ્યુટીફિકેશનનો પ્રોજેક્ટ હાલ પૂરજોશમાં ચાલી રહ્યો છે. મનપામાં સમાવેશ થયા બાદ આ વિસ્તારને મળેલી આ સૌથી મોટી ભેટ માનવામાં આવે છે, જે આગામી સમયમાં સ્થાનિક રહીશો અને બાળકો માટે મનોરંજનનું મુખ્ય કેન્દ્ર બની રહેશે.

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા કમળા વિસ્તારના પ્રવેશદ્વાર પાસે આવેલા આ તળાવને અત્યાધુનિક ઓપ આપવા માટે લાખોના ખર્ચે આયોજન હાથ ધરાયું છે. હાલમાં તળાવના કિનારે પ્રોટેક્શન વોલ અને પાયાના બાંધકામની કામગીરી ગતિમાં છે. ટેકનિકલ આયોજન મુજબ, તળાવના કિનારે પેવર બ્લોક સાથેનો વિશાળ વોક-વે બનાવવામાં આવશે, જ્યાં નાગરિકો સવાર-સાંજ લટાર મારી શકશે. આ ઉપરાંત, સમગ્ર પરિસરમાં ડેકોરેટિવ લાઈટિંગ, આરામદાયક સીટિંગ એરેજમેન્ટ, બાળકો માટે પ્લે-એરિયા અને વરિષ્ઠ નાગરિકો માટે ગાર્ડન જેવી સુવિધાઓ વિકસાવવામાં આવશે.

આ પ્રોજેક્ટ દ્વારા વર્ષો જૂના જળાશયનું અસ્તિત્વ ટકાવી રાખવાની સાથે પર્યાવરણ જાળવણી પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. તંત્ર દ્વારા નિર્ધારિત સમયમાં કામ પૂર્ણ કરવા માટે એન્જિનિયરો અને મજૂરોની ટીમ દિવસ-રાત મહેનત કરી રહી છે. આ આધુનિક સ્પોટ તૈયાર થવાથી કમળા વિસ્તારમાં સ્થાનિક પર્યટનને વેગ મળશે અને શહેરના પ્રવેશદ્વાર પર જ આવતા-જતા લોકો પર એક નવી છાપ ઉભી થશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ આ સ્થળ મહિલાઓ, વૃદ્ધો અને બાળકો માટે એક મનપસંદ 'હેન્ગઆઉટ સ્પોટ' અને પિકનિક પોઈન્ટ બની રહેશે.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225